### આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં દિવસે વાદળછાયા વાતાવરણ બાદ સાંજે તોફાની પવન સાથે કમોસમી વરસાદ

# ચરોતરમાં હવામાન પલટાયું : ભરઉનાળે ઠંડક પ્રસરી

**મહત્તમ તાપમાન 35** ડિગ્રી સેલ્સિયસ જ્યારે લઘુત્તમ તાપમાન 22.8 ડિગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) આણંદ તા 7

આણંદ- ખેડા જિલ્લામાં મંગળવારે વહેલી સવારથી જ વાદળછાયા વાતાવરણને કારણે ગરમીમાં રાહત મળી હતી, જ્યારે સમી સાંજે અચાનક જોરદાર પવન સાથે વાવાઝોડા જેવો માહોલ સર્જાયા બાદ છુટા છવાયા ઝાપટા સાથે કમોસમી વરસાદ પડતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે.

હવામાન વિભાગના સુત્રોએ છેલ્લા બે દિવસથી ખેડા આણંદ સહિત ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં માવઠું થવાની શક્યતા જણાવી હતી.

જેના પગલે ચરોતરમાં પણ મંગળવારે સવારથી જ વાદળછાયો માહોલ જોવા મળ્યો હતો. એક તરફ તમાકુ તેમજ ઘઉં સહિતના પાકોની કાપણી અને લણણી ચાલી રહી છે ત્યારે બદલાયેલા હવામાનને કારણે મુશ્કેલી ઊભી થવાની શક્યતાઓ જણાઈ રહી છે. તમાકુ અને ઘઉંના પાકને સુકુ અને ગરમ વાતાવરણ જોઈએ ત્યારે જો માવઠું થાય તો નુકસાન થવાની શક્યતા છે. ગત સપ્તાહે માર્ચ માસમાં છેલ્લા એક દાયકા બાદ મહત્તમ તાપમાનનો પારો 41 ડિગ્રી થી ઉપર પહોંચી ગયો હતો. જ્યારે હજુ એપ્રિલ અને મે માસ બાકી છે ત્યારે આગામી ઉનાળો કપરો રહેવાના એંધાણ



વર્તાઈ રહ્યાં છે. જોકે તે પછી મહત્તમ તાપમાન 35 થી 37 ડિગ્રી વચ્ચે રહ્યું છે. ગત સોમવારે પડેલા ધુમ્મસ અને મિશ્ર ઋતુને કારણે રાત્રે હળવી ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. લઘુત્તમ તાપમાન આગામી 3 દિવસમાં 2 થી 3 ડિગ્રીનો ક્રમશઃ વધારો જોવા મળી શકે છે. જ્યારે વાદળછાયા વાતાવરણથી ખેતી પાકોમાં જીવાતનો ઉપદ્રવ વધવાની શક્યતા છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના જણાવ્યા મુજબ મંગળવારે મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ જ્યારે લઘુત્તમ તાપમાન 22.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું , હવામાં ભેજનું પ્રમાણ 79 ટકા તેમજ પવનની દિશા દક્ષિણથી પૂર્વ તથા ઝડપ 4.5 કિ.મી.ની નોંધાઈ હતી. રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા મુજબ આણંદ ખેડા અને મહિસાગર જિલ્લા સહિત કેટલાક વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## મહીસાગરમાં કેરીના પાકને વ્યાપક નુકસાન

**મકાઈ, ચણા સહિતના** તૈયાર પાકને ભારે નુકશાન થતાં ખેડૂતો દ્વારા વળતરની માંગ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.7

મહીસાગર જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન વાતાવરણમાં આવેલા અચાનક પલટા અનેક વખતના વરસાદે (માવઠું) ખેડૂતોની માઠી દશા બેસાડી છે. ભરઉનાળે વરસેલા વરસાદને કારણે તૈયાર થયેલા રવિ પાક અને બાગાયતી પાકોને



તસવીરઃ ચિંતન પટેલ

ભારે નુકસાન થયું છે.

મહીસાગર જિલ્લામાં મકાઈ અને ચણાનો પાક તૈયાર થવાના આરે હતો ત્યારે જ વરસાદ ખાબકતા પાક પલળી ગયો છે અને ખેતરોમાં આડો પડી ગયો છે, જેના કારણે ઉત્પાદનમાં મોટા ઘટાડાની ભીતિ છે. આ ઉપરાંત, ભારે પવન અને વરસાદના કારણે કેરીનો પાક પણ ખરી પડ્યો છે, જેનાથી બાગાયતદારોને મોટો આર્થિક ફટકો પડ્યો છે. વરસાદને કારણે પશુઓ માટેનો સૂકો ઘાસચારો પણ પલળી જતાં પશુપાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. મહેનત અને ખર્ચ બાદ તૈયાર થયેલો પાક નજર સામે નાશ પામતા ખેડૂતો પાયમાલ થયા છે. મહીસાગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોએ સરકાર સમક્ષ માંગ કરી છે કે વહેલી તકે નુકસાનીનો સર્વે કરવામાં આવે અને ખેડૂતોને યોગ્ય આર્થિક સહાય પૂરી પાડવામાં આવે.

## આણંદમાં અજાણ્યા વાહન ટક્કરે બાઈકસવારનું મોત

**અજરપુરા રોડ પર** અકસ્માત સર્જીને વાહન ચાલક ફરાર

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ તાલુકાના અજરપુરા ગામ પાસે ગત સોમવારની રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે બેફામ ગતિએ અને ગફલતભરી રીતે વાહન હંકારીને મોટર સાયકલ સવાર યુવકને અડફેટે લેતા, યુવકનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

આ ઘટનાની વિગત મુજબ, આણંદના ગામડી વિસ્તારમાં રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા 28 વર્ષીય હીરાભાઈ કાંતિભાઈ ગોહેલ ગત સોમવારે રાત્રે 10-15 વાગ્યાના સુમારે પોતાની મોટર સાયકલ (નંબર GJ-23-AD-0392) લઈને અજરપુરા શિવનગર પાસેના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં હીરાભાઈને ડાબી આંખ અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક માનવતા નેવે મૂકી પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. આ અંગે મૃતકની માતા ભાનુબેન વેલાભાઈ કચ્છીએ આણંદ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી. કે. મકવાણા ચલાવી રહ્યા છે.

## નડિયાદ શહેરના ડભાણ રોડ પર તંત્રની બેદરકારી : પ્રજા માટે 'જીવનું જોખમ'

**ગટર અને સ્ટ્રીટ** લાઈટના ખોદકામથી રસ્તો સાંકડો થયો: કાર ખાડામાં ખાબકતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

નડિયાદ શહેરના વોર્ડ નંબર 1માં આવેલા વ્યસ્ત ડભાણ રોડ પર નગરપાલિકા દ્વારા એકસાથે બે અલગ-અલગ કામગીરી શરૂ કરવામાં આવતા વાહનચાલકો અને રહીશોની હાલત કફોડી બની છે. એક તરફ ડ્રેનેજ લાઈન અને બીજી તરફ અંડરગ્રાઉન્ડ સ્ટ્રીટ લાઈટ માટે કરવામાં આવેલા ખોદકામને કારણે આ મુખ્ય માર્ગ અત્યંત સાંકડો બની ગયો છે, જેના પરિણામે અકસ્માતોનો સિલસિલો શરૂ થયો છે.



તસવીરઃ જશવંતસિંહ રાઠોડ




નડિયાદ શહેરના ટ્રાફિકથી વ્યસ્ત ડભાણ રોડ પર ખોદકામને કારણે સાંકડા બનેલા આ રસ્તા પર રવિવારની રાત્રે જી.ઈ.બી. પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને મોટરસાયકલ વચ્ચે થયેલી અથડામણમાં કાર પલટી ખાઈને ડ્રેનેજ લાઈન માટે ખોદવામાં આવેલા ઊંડા ખાડામાં ઊંધી પડી ગઈ હતી. આ અકસ્માતમાં વાહનચાલકોને ઈજાઓ પહોંચી છે. અલબત્ત, આ સ્થળે વાહન ખાબકવાના ઉપરા છાપરી બનાવો બનતાં વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

નોંધનીય છે કે હાલમાં નડિયાદનો મીલ રોડ બંધ હોવાથી ડભાણ રોડ પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે, ત્યારે તંત્રની આવી આયોજન વગરની કામગીરી જોખમી સાબિત થઈ રહી છે. અંધારપટ અને સાંકડો રસ્તો મુસીબત બન્યો ડભાણ ચોકડીથી નવી જિલ્લા પંચાયત અને યોગીનગર ફાટક સુધીના વિસ્તારમાં બંને બાજુએ કામગીરી ચાલતી હોવાથી વાહન ચલાવવું મુશ્કેલ બન્યું છે. રાત્રિના સમયે પૂરતી લાઈટના અભાવે અંધારપટ રહેતો હોવાથી રહીશો પણ રસ્તા પર નીકળતા ગભરાઈ રહ્યા છે

આથી, સ્થાનિકોની માંગ છે કે જનતાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ બંને કામગીરી વહેલી તકે પૂર્ણ કરવામાં આવે.

## લુણાવાડા નજીક ટ્રેક્ટરની ટક્કરે યુવકનું કરુણ મોત

**બેદરકાર ટ્રેક્ટર** ચાલક પિતરાઇ ભાઇએ જ યુવકને અડફેટે લેતા માથા પર ટાયર ફરી વળ્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.7

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કસલાલ ગામે ગત સોમવારે સવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક બેદરકાર ટ્રેક્ટર ચાલકે પોતાના જ પિતરાઈ ભાઈને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, કસલાલ ગામના ગામતળ ફળિયામાં રહેતા ધર્મેન્દ્રભાઈ મનુભાઈ પાગી (ઉ.વ.21) 6ઠ્ઠી એપ્રિલના રોજ સવારે રોડ પર ઉભા હતા. તે દરમિયાન તેમના જ કુટુંબી કાકાના દીકરા રંગીતભાઈ નાનાભાઈ પાગીએ પોતાના કબ્જાનું ટ્રેક્ટર (નંબર GJ-35-H-8120) પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ધર્મેન્દ્રભાઈને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ટ્રેક્ટરનું તોતિંગ ટાયર ધર્મેન્દ્રના માથાના ભાગે ફરી વળતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બેભાન થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં ધર્મેન્દ્રના પરિવારજનો તાત્કાલિક દોડી આવ્યાં હતા અને તેને ઘરે લઈ ગયા હતા. બાદમાં 108ને જાણ કરતાં એમ્બ્યુલન્સ આવી હતી. પરંતુ 108ના તબીબોએ તપાસ કરતા યુવાનને મૃત જાહેર કર્યો હતો. જોકે, અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક ભાગી ગયો હતો. આ અંગે મૃતકની કાકી મધુબેન પાગીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## નડિયાદના હાઈવે પર હોટલ માલિક પર જીવલેણ હુમલો

**મોડી રાત્રે જમવાનું ન** મળતા થયેલી તકરાર બાદ ખોટી રીતે પૈસાની માંગણી કરી આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

નડિયાદ નજીક ડભાણ નેશનલ હાઈવે નંબર 48 પર આવેલી ખેડા પંજાબ હોટલના માલિક પર બે શખ્સોએ લાકડાના ડંડા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. ગત મોડી રાત્રે જમવા બાબતે થયેલી બોલાચાલી બાદ આરોપીઓએ હોટલના ગ્રાઉન્ડમાં આવી મારપીટ કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની વિગત મુજબ, જશવંતસિંગ કરમજીતસિંગ સરદારની હોટલ પર ગત તારીખ 3જી એપ્રિલ,2026ની રાત્રે આકાશ દિનેશભાઈ ભોઈ અને અલ્પેશ નામના બે શખ્સો આવ્યા હતા. તેઓએ ઉંચા અવાજે બુમો પાડી જમવાની માંગણી કરી હતી, પરંતુ રસોડું બંધ હોવાથી હોટલ માલિક જગજીતસિંગે ના પાડતા વિવાદ સર્જાયો હતો. તે




સમયે આરોપીઓ ગાળાગાળી કરી ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં 4થી એપ્રિલના રોજ રાત્રે સવા એક વાગ્યાની આસપાસ આ બંને શખ્સો ફરીથી લાકડાના ડંડા સાથે હોટલ પર પહોંચ્યા હતા.

તેઓએ ખોટી રીતે પગારના પૈસાની માંગણી કરી જગજીતસિંગ પર લાકડાના ડંડા વડે હુમલો કર્યો હતો, જેના કારણે તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. જગજીતસિંગને ગડદાપાટુનો માર મારતા જોઈ હોટલના અન્ય કર્મચારીઓ વચ્ચે પડ્યા હતા, જેથી હુમલાખોરો 'જીવતો નહીં છોડું' તેવી ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. આ મામલે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદના નવા વિસ્તારોને 5 વર્ષ ટેક્સમાં રાહત અપાશે

**નડિયાદના જંગમાં** કોંગ્રેસે 'ગેરંટી કાર્ડ' ઉતાર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

નડિયાદ મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓને લક્ષમાં રાખીને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિકાસનો નવો રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે. ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા અમિત નાયક દ્વારા 'કોંગ્રેસનું કમિટેમેન્ટ' નામનું ચૂંટણી જાહેરનામું પ્રસિદ્ધ કરી પરિવર્તનનો દાવો કરવામાં આવ્યો છે. કોંગ્રેસે આ વચનોને માત્ર વાયદા નહીં પણ સત્તામાં આવ્યા બાદ અમલી બનાવવાની 'ગેરંટી' ગણાવી છે.

નડિયાદ કોંગ્રેસે દરેક વોર્ડમાં આધુનિક સુવિધા ધરાવતી પ્રાથમિક શાળાઓ અને દરેક ઝોનમાં ગુજરાતીની સાથે અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓ શરૂ કરવાનું વચન આપ્યું છે. આરોગ્ય ક્ષેત્રે, દરેક વોર્ડમાં આધુનિક હેલ્થ સેન્ટર બનાવી ત્યાં ૨૪ કલાક મફત ઈમરજન્સી સેવાઓ, બ્લડ ટેસ્ટ, એક્સ-રે અને ડાયાબિટીસ જેવી તપાસ નિઃશુલ્ક પૂરી પાડવાનું આયોજન છે. શહેરના આધુનિક માળખા અને પર્યાવરણનો પ્લાન પાયાની સુવિધાઓમાં સુધારો લાવવા માટે રહેવાસીઓને દિવસમાં બે વખત પૂરતા પ્રેશરથી શુદ્ધ પાણી અને અંડરગ્રાઉન્ડ સ્ટોર્મ વોટર સિસ્ટમ દ્વારા ગટરની સમસ્યાના કાયમી ઉકેલની ખાતરી અપાઈ છે. આગામી 20 વર્ષના માસ્ટર પ્લાન સાથે મજબૂત રોડ, પાર્કિંગ ઝોન અને શહેરનું તાપમાન 2 ડિગ્રી ઘટાડવા ગ્રીન ઝોન બનાવવાનો લક્ષ્યાંક રજૂ કરવામાં આવ્યો છે.

### લાયસન્સ વગર નાણાં ધીરનાર 'ગોપી જ્વેલર્સ'ના સંચાલક સામે કાર્યવાહી

## બોરસદમાં સોનીએ ગીરવે રાખેલું સોનું ઓગાળી છેતરપિંડી આચરી

**સોનીએ 'થાય તે કરી** લેજો' કહી મજૂરના દાગીના હડપ્યા

(પ્રતિનિધિ) બોરસદ તા.7

બોરસદ શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં પોતાની જરૂરિયાત માટે ગીરવે મુકેલા સોનાના દાગીના પરત માંગવા ગયેલા એક શ્રમિકને સોનીએ એવું કહીને ધમકાવ્યો હતો કે 'તમારા દાગીના મેં ઓગાળી નાખ્યા છે, તમારાથી થાય તે કરી લેજો.' આ મામલે બોરસદ સિટી પોલીસે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોરસદના રાજા મહોલ્લામાં રહેતા અને છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતા લીયાકતખાન સિકંદરખાન પઠાણે વર્ષ 2017 થી 2026 દરમિયાન પોતાની આર્થિક જરૂરિયાતો પૂરી કરવા માટે બોરસદની 'ગોપી જ્વેલર્સ' દુકાનના માલિક મૌલિક પ્રવિણભાઈ સોની પાસે સોનાના દાગીના ગીરવે મુક્યા હતા. તેઓએ અલગ-અલગ સમયે સોનાનો હાર, બુટ્ટી, સોનાની બંગડીઓ અને ચેઈન જેવી વસ્તુઓ કુલ રૂ. 1,78,500 માં 2 ટકાના માસિક વ્યાજે ગીરવે મુકી હતી.

આ અંગે લીયાકત પઠાણની ફરિયાદી અનુસાર, તેમણે અત્યાર સુધીમાં અંદાજે રૂ. 2.10 લાખ જેટલું વ્યાજ પણ ચૂકવ્યું હતું. જોકે, જ્યારે લીયાકત પોતાના દાગીના પરત લેવા માટે બાકી નીકળતી રકમ સાથે સોની પાસે ગયા, ત્યારે મૌલિક સોનીએ દાગીના પરત આપવાને બદલે તેમને ઓગાળી નાખ્યા હોવાનું જણાવી ઉદ્ધત વર્તન કર્યું હતું. આટલું જ નહીં, મૌલીકે સોનીએ ધમકાવતા કહ્યું હતું કે, તમારા દાગીના ઓળવી નાખ્યા છે, તમારાથી થાય તે કરી લેજો.

આ અંગે પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે મૌલિક સોની પાસે નાણાં ધીરવા માટેનું કોઈ કાયદેસરનું લાયસન્સ નથી અને તે ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજે નાણાં ધીરવાનો વ્યવસાય કરે છે. આ મામલે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આણંદ પોલીસના અનેક પ્રયત્ન છતાં હજુ નાણા ધિરધારની બદલી ચાલું જ છે.

## આણંદમાં ફૂટબોલનો મહાકુંભ, નેશનલ કેમ્પ માટે પસંદગી યોજાશે

**આયર્લેન્ડના સ્ટાર** ડેવિડ ફોર્ડના માર્ગદર્શન હેઠળ નેશનલ કેમ્પનો પ્રારંભ

(પ્રતિનિધિ) આણંદ તા.7

દેશમાં ફૂટબોલની રમતને પાયાના સ્તરેથી મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આણંદના વલ્લભ વિદ્યાગરનગર ખાતે 'સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગ' નેશનલ કેમ્પ 2026નો ભવ્ય પ્રારંભ થયો છે. સીવીએમ યુનિવર્સિટીના નેજા હેઠળ સીવીએમ ફૂટબોલ ક્લબ દ્વારા આયોજિત આ કેમ્પમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલર અને આયર્લેન્ડના પૂર્વ ગોલકીપર ડેવિડ ફોર્ડ ખાસ ઉપસ્થિત રહી યુવા પ્રતિભાઓને માર્ગદર્શન આપી રહ્યા છે.

વલ્લભ વિદ્યાગરનગર ખાતે 'સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગ' નેશનલ કેમ્પમાં દેશવ્યાપી અભિયાન અંતર્ગત ભારતના 12 રાજ્યો અને 29 શહેરોમાંથી 50 હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી કડક પસંદગી પ્રક્રિયા બાદ દેશના ટોચના 100 યુવા ફૂટબોલ ખેલાડીઓને આ



પ્રતિષ્ઠિત નેશનલ કેમ્પ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. આ કેમ્પ આ ખેલાડીઓ માટે પ્રોફેશનલ ફૂટબોલની દુનિયામાં પ્રવેશવાનું એક મહત્વનું માધ્યમ બનશે. આંતરરાષ્ટ્રીય ખેલાડી ડેવિડ ફોર્ડે યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, ફૂટબોલ માટે સખત મહેનત, સમર્પણ અને માનસિક મજબૂતી અનિવાર્ય છે. આ કેમ્પમાં ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ ઉચ્ચ પ્રદર્શનની તાલીમ અને મેન્ટરશિપ આપવામાં આવી રહી છે. અહીં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓને STAIRS ફૂટબોલ એકેડેમી, સીવીએમ ફૂટબોલ ક્લબ અને ભારતની પ્રતિષ્ઠિત યુથ આઈ-લીગ એકેડેમીઓમાં સ્થાન મેળવવાની સુવર્ણ તક મળશે. ચરોતરના ખેલાડીઓ માટે નવી તકોના દ્વાર ખુલશે સીવીએમ યુનિવર્સિટીના જોઈન્ટ સેક્રેટરી અને આણંદ ડીએફએના પ્રમુખ મેહુલ પટેલે ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ આયોજનથી માત્ર સીવીએમના જ નહીં પણ સમગ્ર ચરોતર પ્રદેશના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું એક્સપોઝર મળશે. સ્ટેર્સ ફાઉન્ડેશનના સ્થાપક સિદ્ધાર્થ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, એસએસએફએલ માત્ર એક ટુર્નામેન્ટ નથી, પરંતુ ખેલાડીઓને શાળા સ્તરેથી પ્રોફેશનલ સ્તર સુધી લઈ જવાનો એક સુવ્યવસ્થિત માર્ગ છે.

આ ઈવેન્ટમાં પદ્મેશ ગ્રુપના ડાયરેક્ટર માધવન જાજુ સહિત ફૂટબોલ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225